# ગુજરાતમાં ૨૪ કલાકમાં નવા વધુ ૫૬ કેસ

## ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા ૫૭૨ ઉપર પહોંચી : કોઇ મોત નહીં : હજુ સુધી ૧૪૨૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા જે પૈકી ૧૨૯૭૦ નેગેટિવ જાહેર થયા : ટેસ્ટની પ્રક્રિયા વધારે તીવ્ર : સાત દર્દીઓએ કોરોના સામે જીતેલો જંગ

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૫૬ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે આજે સવારે ૧૦ વાગ્યા બાદ વધુ ૩૪ કેસ સપાટી પર આવ્યા હતા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૬ કેસ સપાટી ઉપર આવતા કેસોની સંખ્યા વધીને ૫૭૨ ઉપર પહોંચી છે. ગુજરાતમાં હજુ સુધી કોરોનાના કારણે ૨૬ લોકો દમ તોડી ચુક્યા છે. આઠ દર્દીઓ હજુ વેન્ટીલેટર પર છે અને ૪૮૪ દર્દીઓ સ્થિર સ્થિતિમાં છે. આજે અમદાવાદમાં નવા ૨૫ કેસ સપાટી ઉપર આવ્યા હતા. કુલ ૩૪ કેસ સવારે ૧૦ વાગ્યા બાદ સપાટી ઉપર આવ્યા હતા. દર્દીઓની વિગતની વાત કરવામાં આવે તો હજુ સુધી ૧૪૨૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૫૭૨ પોઝિટિવ આવ્યા છે અને ૧૨૯૭૦ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ રહ્યા છે. ૭૦૯ના પરિણામ હજુ મળ્યા નથી. બીજી બાજુ આજે કોઈપણ વ્યક્તિનું મોત થયું ન હતું. સાત લોકોને કોરોના સામે જંગ જીત્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. આજે જે ૩૪ કેસ નોંધાયા છે તે પૈકી ૧૮ પુરુષ અને ૧૬ મહિલાઓનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૩૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૬૦ પોઝિટિવ રહ્યા છે. ૧૭૬૭ નેગેટિવ પરિણામ રહ્યા છે. ક્વોરનટાઈન ફેસિલીટીની વાત કરવામાં આવે તો હોમ ક્વોરનટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૨૫૮૪ છે જ્યારે સરકારી ફેસિલિટીમાં ક્વોરનટાઈન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૧૪૪૨ નોંધાઈ છે. પ્રાઈવેટ ફેસિલિટીમાં ક્વોરનટાઈન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૧૭૮ નોંધાઈ છે. કુલ ક્વોરનટાઈન હેઠળ રહેલા લોકોની સંખ્યા ૧૪૨૦૪ નોંધાઈ છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજ્યમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. આ અંગે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૫૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદમાં કેસોની સંખ્યા ૩૨૦ ઉપર પહોંચી ચુકી છે જ્યારે એકલા અમદાવાદમાં ૧૩ લોકોના મોત થઈ ચુક્યા છે. આવી જ રીતે સુરતમાં કેસોની સંખ્યા ૩૩ પર પહોંચી છે. વડોદરામાં ૧૦૭ કેસ નોંધાઈ ચુક્યા છે. જે વિસ્તારમાં વધુ કેસો નોંધાઈ રહ્યા છે તેના પર તંત્રની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. આજે જે સાત દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા તે પૈકી પાટણમાં ચાર લોકોને રજા આપવામાં આવી હતી જ્યારે ગાંધીનગરમાં કોરોના સામે જંગ જીત્યા બાદ એકને રજા આપવામાં આવી હતી. આવી જ રીતે રાજકોટમાં પણ એકને રજા આપવામાં આવી હતી. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમાં ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. આવતીકાલે લોકડાઉનની અવધિ પૂર્ણ થઈ રહી છે ત્યારે ગુજરાતમાં લોકડાઉનને લંબાવવામાં આવશે કે કેમ તે મોટો પ્રશ્ન થયેલો છે. નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે અહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. લોકડાઉનને લંબાવવાના સંદર્ભમાં આવતીકાલે વડાપ્રધાન મોદી દ્વારા સવારે ૧૦ વાગે જાહેરાત કરવામાં આવનાર છે.

| જિલ્લો | કેસ |
|---|---|
| અમદાવાદ | ૩૨૦ |
| વડોદરા | ૧૦૭ |
| સુરત | 33 |
| રાજકોટ | ૧૮ |
| ગાંધીનગર | ૧૫ |
| ભાવનગર | ૨૩ |
| ગીરસોમનાથ | ૦૨ |
| પોરબંદર | ૦૩ |
| મહેસાણા | ૦૨ |
| પાટણ | ૧૪ |
| કચ્છ | ૦૪ |
| છોટાઉદેપુર | ૦૩ |
| પંચમહાલ | ૦૨ |
| જામનગર | ૦૧ |
| મોરબી | ૦૧ |
| સાબરકાંઠા | ૦૧ |
| આણંદ | ૦૯ |
| ભરૂચ | ૧૧ |
| બનાસકાંઠા | ૦૨ |

# પાલનપુરમાં ૪૭.૧૫ લાખના ખર્ચે બનેલા શેલ્ટર હોમને તાકીદે શરૂ કરવા માંગ

## લાખોના ખર્ચે બનેલ શેલ્ટર હોમ ૧૫ માસ વિતવા છતાં હજુ સુધી બંધ હાલતમાં

પાલનપુર

પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં ઘર વિહોણા લોકોને આશ્રયસ્થાન માટે શેલ્ટર હોમ બનાવવા માટે સરકાર દ્વારા રૂ.૫૩.૪૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે પૈકી રૂ.૪૭.૧૫ લાખના ખર્ચે વર્ષ ૨૦૧૮ માં શેલ્ટર હોમ નિર્માણ કરવામાં આવ્યું હતું. જો કે ૧૫ માસ જેટલો સમય વિતવા છતાં આ આશ્રયસ્થાન હજુ સુધી શરૂ ન કરવામાં આવતાં અનેક સવાલો ઉઠ્યા છે. આ બાબતે નગરપાલિકા પ્રમુખને આજે લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરમાં હજુ સુધી પણ કેટલાક ગરીબ લોકો કે જેઓને રહેવા માટે આશ્રય સ્થાન નથી તેવા લોકો માટે સરકાર દ્વારા આશ્રયસ્થાન બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જેમાં પાલનપુર નગરપાલિકાને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા શહેરમાં રહેતા ઘર વિહોણા લોકોને આશ્રયસ્થાન શેલ્ટર હોમના નિર્માણ માટે રૂ.૫૩.૪૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ ગ્રાન્ટમાંથી ગઠામણ દરવાજા વિસ્તારમાં શેલ્ટર હોમ રૂ.૪૭.૧૫ લાખના ખર્ચે વર્ષ ૨૦૧૮ માં નિર્માણ કરવામાં આવ્યું હતું. જો કે શેલ્ટર હોમ નિર્માણ કરાયા બાદ ૧૫ માસ જેટલો સમય વિતવા છતાં આ શેલ્ટર હોમ શરૂ કરવામાં ન આવતા શોભાના ગાંઠિયા સમાન બની જવા પામ્યુ છે. ત્યારે આ બાબતે પાલનપુર નગરપાલિકાના વોર્ડ નંબર - ૮ ના સદસ્ય જોષી અમૃતલાલ દ્વારા નગરપાલિકા પ્રમુખને લેખિતમાં આ બાબતે રજૂઆત કરાઈ છે.

## ખેડબ્રહ્મામા જાહેરનામનો ભંગ કરતા ૯ વેપારીઓ સામે ગુન્હો નોંધાયો

કોરોના વાયરસને લઈ સમગ્ર દેશ લોક ડાઉન કરવામાં આવેલ છે. વેપારીઓને ફક્ત હોમ ડિલિવરી કરવાની પરમિશન આપવામાં આવેલ હોવા પોતાની ખુલ્લી રાખી રિટેલ વેચાણ કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામનો ભંગ કરતા પોલીસે ગુન્હો નોંધી ૯ ઈસમો વિરુધ્ધ ફરીયાદ નોધાઈ હતી. જ્યારે બેન્ક ઓફ બરોડાનાં ગેટ પર મોટી સંખ્યામાં ટોળે ટોળા ભેગા થઈ ગયા જોવા મળી આવ્યાં સોસીયલ ડીસ્ન્ટ નો અભાવ જોવા મળી રહ્યું હતું.



કોરોનાની મહામારી સમયે લોકો ગામમાં ભેગા ન થાય તેવા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો કરાઈ રહ્યા છે તેમજ ગામડાઓમાં પણ પોલીસ બંદોબસ્ત તેમજ જી.આર.ડી. હોમગાર્ડના જવાનો ખડેપગે સેવાઓ બજાવી રહ્યા છે. પરંતુ શેરીઓમાં મહોલ્લાઓમાં કોઈ લોકો ભેગા થાય તો ડ્રોન કેમેરો આકાશમા ઉડાડીને ગ્રામજનો ઉપર બાજ નજર રાખવામાં આવશે તે માટે લિંબોઈ ગામમાં વડગામ મામલતદાર આર.સી.ઠાકોર, પુરવઠા નાયબ મામલતદાર સતીષભાઈ પંડ્યા, મધ્યાહન ભોજન શાખાના નાયબ મામલતદાર સથવારા, લિંબોઈ પંચાયતના તલાટી રાકેશ ચૌધરી, સરપંચ ભીખાભાઈ તેમજ પોલીસકર્મી અને હોમગાર્ડ જવાનોની હાજરીમાં ડ્રોન કેમેરા ઉડાડીને ગામમાં રિયલસર કરાયું હતું. જેમા સરપંચે જણાવ્યું હતું કે ગામમાં હવે મહોલ્લા શેરીઓમાં બહાર ભેગા થઈને બેસતા લોકો ઉપર હવે ડ્રોન કેમેરાથી બાજ નજર રાખીને કામ વગર બહાર ભેગા થતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

### રજા અપાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાતે જે માઈક્રો બાયોલોજી યુનિટ છે તેમાં કોરોનાના ટેસ્ટ કરવા માટેની અરજી કરવામાં આવી છે. આ માટે કોલેજ દ્વારા ઓનલાઈન અરજી આપી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે અને એકાદ સપ્તાહમાં જ આ અંગેની મંજૂરી મળશે તેમ મનાઈ રહ્યું છે. કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ રોજના ૧૦૦ જેટલા ટેસ્ટ કરવા માટેની મંજૂરી માંગવામાં આવી છે. આ પછી તેની ક્ષમતામાં વધારો જરૂર પડ્યે કરવામાં આવશે. ગાંધીનગર કોલેજ દ્વારા આ ટેસ્ટ લેબ બનાવવાની તમામ તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

### ઘરમાં રહેવામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે વાત સ્વીકારીને નાગરિકો હવે સ્વયંશિસ્ત દાખવી રહ્યા છે. આવા સંજોગોમાં સરકાર હવે લોકડાઉનની અવધિ વધારે તેવો સુર પણ ઉઠયો છે. સેકટરોમાં ગૃહીણીઓ પણ લોકડાઉનની મુદત વધારવામાં આવે તેવો મત રજુ કરી રહી છે. કોરોનાનો ચેપી રોગચાળો વકરે નહીં અને અત્યાર સુધીની મહેનત એળે ન જાય તે પણ અત્યંત મહત્વની બાબત છે. ત્યારે હજુ થોડા દિવસો જાળવી જવામાં જ મજા હોવાનો વિચાર આમ નાગરિકો વ્યકત કરી રહ્યા છે.

### શરતી છૂટછાટો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંગાળમાં પણ લોકડાઉનની અવધિ વધી ચુકી છે. મોટાભાગના રાજ્યો તરફથી લોકડાઉનને વધારવા માટેની વાત કરી છે પરંતુ સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં બીજા તબક્કામાં લોકડાઉન નિશ્ચિત છે. હાલના દિવસોમાં જ્યારે વડાપ્રધાને મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી ત્યારે મોટાભાગના મુખ્યમંત્રીઓએ લોકડાઉનને વધારવાની વાત કરી હતી. હવે સવાલ એ છે કે, લોકડાઉનની અવધિ વધશે કે કેમ. જો લોકડાઉન વધશે તો કયા પ્રકારથી વધશે તેને લઈને પણ ચર્ચા છે. એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે, આવતીકાલે સવારે જ્યારે મોદી દેશને સંબોધન કરશે ત્યારે લોકડાઉન-૨ની જાહેરાત કરશે. સાથે સાથે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે, કેટલીક રાહતો પણ મળી શકે છે. જાન ભી જહાન ભી જેવા શબ્દોનો ઉપયોગ કરીને મોદીએ બીજા તબક્કામાં લોકડાઉનને લંબાવવાના સંકેત આપી દીધા છે. જો કે ચિત્ર આવતીકાલે સવારે સ્પષ્ટ થશે. હકીકતમાં લોકડાઉનના કારણે દેશને ભારે નુકસાન થઈ રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંગઠને પણ કહ્યું છે કે, લોકડાઉન-૨ માં લોકોની આજીવિકા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. મોદીએ કેન્દ્રીય પ્રધાનોને ઓફિસમાં જઈને કામ કરવા પણ સૂચના આપી દીધી છે. લોકડાઉનના પરિણામ સ્વરુપે ભારે નુકસાન થઈ રહ્યું છે. ભારત પહેલાથી જ આર્થિક મંદીમાં છે ત્યારે અર્થવ્યવસ્થાને કાબૂમાં લેવા માટે પણ પગલા જરૂરી છે. આજે કેન્દ્રીય મંત્રીઓ પોતપોતાની ઓફિસમાં પહોંચ્યા હતા. અર્થવ્યવસ્થા અને મજુરોની સ્થિતિને ધ્યાનમાં લઈને સરકાર નાના અને મધ્યમ ઉદ્યોગોને ખોલી શકે છે. મિટિંગમાં મોદીને સૂચન કરવામાં આવ્યું હતું કે, ફેક્ટરી મજુરો રહીને કામ કરે અને સોશિયલ ડિસ્ટેન્સિંગની સાથે ત્યાં જ રહે. ઘરે ન આવે. આવા કારખાનામાં કામ કરનાર મોટાભાગના લોકો કેમ્પમાં રહે છે. તેમને સ્પેશિયલ ટ્રેન અને બસની મદદથી ફેક્ટ્રીમાં પહોંચાડી શકાય છે. સમગ્ર એપ્રિલ મહિના દરમિયાન આ રીતે જ કામગીરી થશે. ટેક્સટાઈલ, ઓટો મોબાઈલ, ઈલેક્ટ્રીટ ચીજવસ્તુઓ બનાવનાર કંપનીઓ ખુલી શકે છે. હાઉસિંગ અને કન્સ્ટ્રક્શન સેકટરની સાથે માર્ગો ઉપર કામ કરનારને મંજુરી મળી શકે છે. મોબાઈલ, ઈલેક્ટ્રીક રિપેરની દુકાન, અન્યને મંજુરી મળી શકે છે.

### ઓફિસે પહોંચ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ પણ લંબાવવામાં આવશે તેવા અહેવાલ વચ્ચે આજે તમામ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ પોતપોતાની ઓફિસમાં પહોંચ્યા હતા. હજુ સુધી મોટાભાગના મંત્રીઓ ઘરેથી જ પોતાની ફરજ અદા કરી રહ્યા હતા. કોરોના વાયરસ ફેલાઈ ગયા બાદ સરકારના આદેશ મુજબ મોટાભાગના મંત્રીઓ ઘરમાંથી જ તેમની ફરજ અદા કરી રહ્યા હતા પરંતુ હવે તમામ ઓફિસમાં પહોંચી રહ્યા છે. નાણાં મંત્રી નિર્મલા સીતારામન, માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકર, લઘુમતિ બાબતોના મંત્રી મુક્તાર અબ્બાસ નવી, યુવા બાબતોના મંત્રી કિરણ રિજ્જુ, સાંસ્કૃતિક અને પ્રવાસ મંત્રી પ્રહલાદ પટેલ આજે સવારે જ પોતપોતાનાની ઓફિસમાં પહોંચી ગયા હતા અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. કોરોના વાયરસ બાદ ઉભી થયેલી પરિસ્થિતિ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન સૌથી પહેલા ઓફિસ પહોંચનાર મંત્રી તરીકે રહ્યા હતા. નાણામંત્રી તરીકે હાલમાં તેમના ઉપર જવાબદાર અનેકગણી વધી ગઈ છે. કારણ કે, દેશ સામે મોટી આર્થિક સમસ્યા સર્જાઈ રહી છે.

### અરજી ફગાવાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અસરગ્રસ્ત લોકોને ઝડપી રાહત આપવાનો હેતુ આમા રાખવામાં આવ્યો હતો. વડાપ્રધાન આ ફંડના ચેરમેન તરીકે રહ્યા છે. સંરક્ષણ મંત્રી અને નાણામંત્રી પણ આમા સામેલ રહેલા છે. ૨૮મી માર્ચના દિવસે આ સંદર્ભમાં દલીલબાજીનો દોર શરૂ થયો હતો. કોંગ્રેસ સહિતના પક્ષોએ પીએમ કેયર્સ ફંડને લઈને વાંધો ઉઠાવ્યો હતો અને આમા રજૂ કરવામાં આવેલા નાણાંને વડાપ્રધાન રાહત ફંડમાં ટ્રાન્સફર કરવાની માંગ ઉઠી હતી. અરજીદાર તરફથી કેટલાક લોકો સક્રિય થઈ ગયા હતા જેમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધીનો પણ સમાવેશ થાય છે.

### ૨૫ જિલ્લા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વસ્થ થઈને ડિસ્ચાર્જ થઈ ચુક્યા છે. આ પાંચ રાજ્યોમાં કોરોનામાં કુલ ૧૨ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં પણ સારા સમાચાર આવ્યા છે. અહીં છેલ્લા ૧૦૦ કલાકમાં કોઈ નવો કેસ આવ્યો નથી. સાત ઠીક પણ થયા છે. મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહે કહ્યું છે કે, છેલ્લા ૧૦૦ કલાકમાં કોઈ પોઝિટિવ કેસ આવ્યા નથી. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, કોરોનાના ફેલાવાને રોકવા માટે હલ્દ્વાનીના બનધુલપુરામાં કર્ફ્યુ લાગૂ કરવાનો નિર્ણય કરાયો છે. રવિવારના દિવસે ખુબ ભારે ભીડ જોવા મળી હતી જેથી હવે સંચારબંધી લાગૂ કરવામાં આવી છે. જે શહેરને કોરોનાને રોકવા માટે મોડલ ગણવામાં આવ્યા હતા ત્યાં નવા કેસ સપાટી પર આવી રહ્યા છે. રાજસ્થાનમાં પ્રતાપગઢમાં પણ કોરોનાના કોઈ કેસ સપાટી પર આવ્યા નથી. ઉત્તરાખંડના પોન્ડીગઢવાલનો આમા સમાવેશ થાય છે. ટેસ્ટિંગની પ્રક્રિયા પણ વધુ ઝડપથી કરવામાં આવી રહી છે. આ ગતિવિધિ હજુ યથાવત રાખવામાં આવનાર છે. દેશમાં ૧૫ રાજ્યોની સ્થિતિ સાનુકુળ દેખાઈ રહી છે. આરોગ્ય મંત્રાલય મુજબ દેશમાં ૯૧૫૨ કેસ કોરોના સત્તાવારરીતે નોંધાયા છે.

### નિઃસહાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. સૌથી અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા, ઈટાલી, ચીન, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઇ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે.વિશ્વના તમામ દેશોમાં દરરોજ કેસોની સંખ્યામા ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે.ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. અમેરિકા સ્પેન, જર્મની, ઈટાલીમાં હાલત ખરાબ થયેલી છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઈ રહ્યો નથી. કોરોનાના કારણે સ્થિતી ક્યારેય સુધરશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. સ્પેન અને ફ્રાન્સ પણ તમામ પ્રયાસો કરી રહ્યા છે. જો કે સફળતા મળી રહી નથી. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે.

ઘરમાં રહો, સુરક્ષિત રહો
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત



સામાજિક સમરસતાના પુરસ્કર્તા
ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરને
૧૨૯મી જન્મજયંતી નિમિત્તે
સમગ્ર ગુજરાત અર્પે છે ભાવાંજલિ

"મારું સામાજિક તત્વજ્ઞાન ત્રણ જ શબ્દોમાં ગૂંથાયેલું છે... સ્વતંત્રતા, સમતા અને બંધુતા"
ડૉ. બાબાસાહેબ આંબેડકર

કોરોનાની વૈશ્વિક મહામારીના કપરા સમયમાં પણ
ડૉ. બાબાસાહેબે પ્રશસ્ત કરેલા માર્ગે ગુજરાત સરકાર સામાન્ય જનતાની પડખે

લોકડાઉનમાં રાજ્યનો છેવાડાનો માનવી પણ ભૂખ્યો ન સૂવે તે માટે રાજ્યની સંવેદનશીલ સરકારે લીધા ઐતિહાસિક નિર્ણયો...

લોકડાઉન દરમિયાન ગરીબ-તવંગર સૌની કરી દરકાર

- કોરોના વાયરસના સંક્રમણને રોકવા સામાજિક ભેદભાવથી પર રહી તમામ કોરોનાગ્રસ્તોની સારવાર માટે કોવિદ-૧૯માં આરંભાયો આરોગ્ય યજ્ઞ
- ડૉ. બાબા સાહેબે મહિલા ઉત્થાનના ચિંધેલા આદર્શોને અનુસરી ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી રાજ્યની ૪.૪૩ લાખ ગંગાસ્વરૂપા માતા-બહેનોને એપ્રિલ-મે, ૨૦૨૦ માસમાં રૂ.૪૪.૪૦ કરોડની આર્થિક સહાય
- રાજ્યમાં ૬૬ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અન્ન વિતરણનો અભૂતપૂર્વ નિર્ણય
- APL-1 રેશનકાર્ડ ધરાવતા અઢી કરોડ કરતાં વધુ લોકોને નાત-જાતના ભેદ વગર સમાન ધોરણે એપ્રિલ મહિનામાં પાંચ જ દિવસમાં વિનામૂલ્યે અન્ન વિતરણનો પ્રારંભ
- અન્ન બ્રહ્મ યોજના અંતર્ગત રાજ્યના ગરીબ, શ્રમજીવી તથા અન્ય રાજ્યના શ્રમિકો અને રેશનકાર્ડ ન ધરાવતા અત્યંત દારૂણ જીવન જીવતા નિરાધાર પરિવારોને કર્યું વિનામૂલ્યે અનાજનું વિતરણ

અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે અમલમાં મુકેલ આ રહી કેટલીક યોજનાઓ...



• વિદેશ અભ્યાસ લોન • કોમર્શિયલ પાયલોટ તાલીમ • સરસ્વતી સાધના યોજના
• કુંવરબાઈનું મામેરું યોજના • પરીક્ષિતલાલ મઝમુદાર પૂર્વ એસ.એસ.સી શિષ્યવૃત્તિ
• ડૉ.આંબેડકર આવાસ યોજના • ગણવેશ માટે સહાય • સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ

વંચિતોની રાખે દરકાર, ગુજરાતની સંવેદનશીલ સરકાર



"બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરને કોટી કોટી વંદન"
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત